3/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન
# ખબર પત્રિકા

પાના ૧૨

વર્ષ-૬ ● અંક-૮૩ ● સળંગ અંક - ૨૧૮૩ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

સૂર્યોદય - ૦૬.૦૪.૪૨
સંવત - ૨૦૮૧
વૈશાખ વદ - ૦૮, સોમવાર
તા. ૧૯-૦૫-૨૦૨૫
સૂર્યાસ્ત - ૦૭.૦૫.૧૭

દરેક મણર ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org



**કોડાય**ના **વિકાસ નાનજી વેલજી માલદે** (ઉં. ૫૧) ૧૭-૫-૨૫ના ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. માતુશ્રી હેમલતાબેન નાનજી વેલજી માલદેના સુપુત્ર. શિલ્પાના પતિ. મનન, ધ્રુવના પિતા. સ્વ. ગિરીશ, જ્યોતિના ભાઈ. ગુંદાલા કિરણ રામજી દેઢિયાના સાલ. માતુશ્રી નિર્મળાબેન દેવચંદ વેલજી માલદેના ભત્રીજા. નિતુલ, દિપાલી, વિનયના કા. ભાઈ. ટીના, ચેતનાના કા. જેઠ. મેરાઉ ધર્મેશ ધનજી ગંગરના કા. સાલ. ડોણ માતુશ્રી તેજબાઈ હીરજી રવજીના દોહિત્ર. દમયંતીબેન હરખચંદ, મેરાઉ કેસરબાઈ મેઘજી, મણિબાઈ જગશી, ભારાપુર સુંદરબાઈ દેવજી, કોડાય નિર્મળાબેન દેવચંદના ભાણેજ. મેરાઉ ડુંગરશી કેશવજી દેઢિયાના પૌત્રીવર. માતુશ્રી મંજુલાબેન શાંતિલાલના જમાઈ. ભાવેશ, ભાવનાના બનેવી. હિનાના નણંદોઈ. ગોધરા દીક્ષિત કલ્યાણજી સાલિયાના સાઢુ. મેરાઉ જયંતિલાલ ડુંગરશી, ભુજપુર કનકબેન લક્ષ્મીચંદના ભત્રીજીવર. નવાવાસ રતનશી ટોકરશી સાવલાના દોહિત્રીવર. ભરત રતનશી, લાયજા પ્રવિણાબેન રતનશીના ભાણેજી વર. અચલગચ્છાધિપતી પ. પૂ.કલાપ્રભસાગરસૂરીશ્વરી સંસાર પક્ષે ભાણેજી વર. **પ્રાર્થના મામણીયા નંદુ જૈન ભવન, જોગેશ્વરી (ઈ) ટા. ૨ થી ૩.૩૦.** શિલ્પા માલદે, એ/૬૦૨, તેજલ રેસીડેન્સી, સ્ટેશન રોડ, ભારત બેંક પાસે, જોગેશ્વરી(ઈ), મુંબઈ - ૪૦૦૦૬૦. નિતુલ-૯૯૬૯૩૫૩૯૯૯, વિનય - ૯૩૨૪૮૭૪૮૪૯. (1-1)

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

☎ ૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨ ☎
www.kvoss.org

### તા. ૧૯ મે – સેવા સમાજ 'શુભેચ્છક દાતા'

સ્વ. શ્રી દામજી કોરશી મારૂ (બાડા)ની પુણ્યતિથિ નિમિત્તે ભરત પ્લાયવુડ સેન્ટર (વિલેપાર્લે) તરફથી.

● શ્રીમતી અરૂણા અને શ્રી પ્રવીણ વિરજી દેઢિયાની લગ્નજયંતી નિમિત્તે પુત્રી કૃતિકા પ્રવિણ દેઢિયા (મોથારા) તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(12) --------- (A-3196)(1-2)

### ધી બો.સ.ગ્રે.એન્ડ પ્રો.ડી. એસોસીએશન (વાંદરા) !! શૈક્ષણીક/ગોલ્ડન કપલનું સન્માન !!

ધી બોમ્બે સબર્બન ગ્રેન એન્ડ પ્રો.ડી. એસોસીએશન (વાંદરા) તથા સહયોગી સંસ્થા ધી વેસ્ટ સબર્બન ગ્રો.કો.ઓ. સોસાયટીનાં શેર હોલ્ડરોનાં બાળકો જેમણે વર્ષ ૨૦૨૫માં.

● S.S.C. 85%, H.S.C. 80% તેમજ ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, ડીગ્રી, ડીપ્લોમા ફાઈનલ પાસ કરી હોય એવા મેમ્બરો/શેર હોલ્ડરોનાં બાળકોનું શૈક્ષણીક સન્માન કરવામાં આવશે. સન્માનિત બાળકોનાં રીઝલ્ટ, મેમ્બરશીપ કાર્ડની ઝેરોક્ષ, પુરૂ સરનામું, મોબાઈલ નંબર, ગામનું નામ તેમજ તાજેતરનાં પાસપોર્ટ સાઈઝનાં બે ફોટા.

● તેમજ લગ્નજીવનનાં ૫૦ વર્ષ પુર્ણ કરેલ તેવા ગોલ્ડન કપલનું સન્માન (એસોસીએશન દ્વારા અત્યાર સુધી સન્માન થયેલ ન હોય) કરવામાં આવશે. સન્માનીત કપલે સંપુર્ણ બાયોડેટા, મેમ્બરશીપ કાર્ડની ઝેરોક્ષ, પુરૂ સરનામું, ગામનું નામ તેમજ બંન્નેના તાજેતારનાં ફોટા.

● તા. ૨૬-૦૬-૨૦૨૫નાં ગુરૂવાર સુધીમાં એસોસીએશનની ઓફિસ : એ-૩, લીબર્ટી શોપીંગ સેન્ટર, ૧૦-સી, હીલ રોડ, વાંદરા (વે.), મું ૫૦ (મો.નં. 8369440880) માં સોમ થી શુક્ર. ૧૨ થી ૫ વાગ્યા સુધી રૂબરૂ અથવા કુરીયર દ્વારા મોકલવા વિનંતી.

● સમારોહનું સ્થળ અને સમય : તા. ૦૭-૦૯-૨૦૨૫ને રવિવારનાં ૪.૦૦ વાગ્યાથી હીરાવંતી હોલ, ટાગોર રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ), મું. ૫૪.

● લિ. મણીલાલ છેડા, હરેશ છેડા, કીર્તી પોલડીયા, મનોજ મારૂ, જીતેન્દ્ર શાહ : સમારોહ સમિતિ.

4/1/1(13) --------- (A-3195)(1-3)

## શ્રદ્ધાંજલી

### ભુજપુરના શ્રીપાર દના ચોધરીયાની ૬૯મી પૂણ્યતિથિએ કોટી કોટી પ્રણામ

દેહવિલય : તા. ૧૯-૫-૧૯૫૬.

● સમયની સરિતા સદાય વહેતી રહેશે, સ્મૃતિઓના સાગરમાં સમાઈ જશે, નીકળતું નિર્મળ અમી પરિવારને સીંચશે, તસ્વીર આપની સદાકાળ દિલમાં રહેશે, તમારો દિવ્ય આત્મા જયાં પણ હોય ત્યાં શાશ્વત સુખ, પરમ શાંતિ પામે એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના... આપના વિરાટ વ્યક્તિત્વને આંકી નહીં શકાશે, તેની છાયામાં અમને સુખ-શાતા સાંપડશે, આંખમાં અમૃત, વાણીમાં પ્રેમ, કાર્યમાં શ્રદ્ધા એ છે તમારી મુડી જે હર હંમેશા અમારી સાથે રહેશે. લિ. કસ્તુરબાઈ ગણપત દેઢિયા (ચોધરીયા) રાજુ લોટરી-ભુજપુર-મુલુંડ (ઈ)-૯૮૯૨૦૩૯૯૫૩.

4/1/1(19) --------- (B-3208)(1-4)

## મહિલા સંસ્થા સમાચાર

### વાશી વનિતા વૃંદ પ્રસ્તુત લગ્નોત્સવ કાર્યક્રમ નિમિત્તે મળેલ અનુદાન

૧) રૂા.૧૧,૦૦૦/- મોક્ષા મેઘના નંદુ (કપાયા) ૧૨ ISC સાયન્સમાં ૯૮.૬% લાવી સ્કુલમાં પ્રથમ આવવા બદલ શ્રીમતી હંસાબેન હિમ્મતભાઈ નંદુ. ૨) રૂા.૫,૦૦૦/- જ્યોતિ વિક્રમ ભેદા. ૩) રૂા.૫,૦૦૦/- મીતા કૌશિક છેડા. ૪) રૂા.૫,૦૦૦/- અવની મનીષ સતરાની પુત્રી અનેરીના લગ્ન પ્રસંગે. ૫) રૂા.૫,૦૦૦/- પૂર્વાંશ ગુંજન ભાવેશ લાપસીયા. ૬) રૂા.૨,૫૦૦/- પ્રિયંકાબેન પ્રફુલ્લભાઈ ગાલાની પુત્રી ત્વિશા ભાર્ગવના લગ્ન પ્રસંગે. ૭) રૂા.૨,૫૦૦/- માતુશ્રી ઝવેરબેન પ્રેમજી કારાણી. ૮) રૂા.૨,૦૦૦/- સ્નેહ સંગીત ગ્રુપ. ૯) રૂા.૧,૧૦૦/- કુસુમબેન કાંતિલાલ કેનીયાની પૌત્રી સાયશાના જન્મદિવસ પ્રસંગે. ૧૦) રૂા.૧,૧૦૦/- રીટાબેન જયેશ પેથડન ઘરે દોહિત્ર જન્મની ખુશાલી પ્રસંગે. ૧૧) રૂા.૧,૧૦૦/- દ્રષ્ટિ ચેતના હરેશ ખીમસીયા તરફથી. ૧૨) રૂા.૧,૧૦૦/- લાજવંતીબેન મામણીયાની પુત્રી રૂચી CFA થઈ એ ખુશી બદલ. ૧૩) રૂા.૧,૧૦૦/- અલ્પાબેન પ્રશાંત શાહ. ૧૪) રૂા.૧,૧૦૦/- કેતકીબેન મનોજ શાહ ૧૫) રૂા.૧,૧૦૦/- એક સદગૃહસ્થ ૧૬) રૂા.૧,૧૦૦/-માતુશ્રી મંજુલાબેન મોહનભાઈ સતરા. ૧૭) રૂા.૧,૧૦૦/- પુષ્પાબેન ધીરજલાલ શાહ. ૧૮) રૂા.૧,૦૦૦/- રંજનબેન રમેશ સંગોઈ. મંડળની પ્રવૃતિઓને વેગવાન બનાવનાર દાતાશ્રીનો ખૂબ ખૂબ ધન્યવાદ સહ આભાર. લિ.મંત્રીઓ.

4/1/1(16) --------- (A-3212)(1-5)




## શૈક્ષણિક

### કન્યા શિબિર : સોનગઢ રત્નાશ્રમ

સોનગઢ રત્નાશ્રમમાં માત્ર શિક્ષણને પ્રાધાન્ય નથી આપવામાં આવતું. પરંતુ સર્વાંગી વિકાસને ધ્યાનમાં લેવામાં આવે છે. સોનગઢ રત્નાશ્રમ શિક્ષણ પ્રણાલીનું અભિન્ન અંગ બની ગયેલ છે. સોનગઢ રત્નાશ્રમમાં યોજાયેલ કન્યા શિબિર પ્રસંગે કન્યા શિબિરમાં ભાગ લીધેલ ગામ : ડોણ-કાંદીવલીનાં કુ રીયાંશી નિમેશ ગોગરી હસ્તે શ્રીમતી પ્રિયા નીમેશ ગોગરીએ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનમાં રૂા. ૧૧૦૦૦/- નું અનુદાન આપેલ છે. સોનગઢ રત્નાશ્રમ પરીવાર માતુશ્રી વિમળાબેન શાંતીલાલ લખમશી ગોગરી પરીવારની ખુબ ખુબ અનુમોદના કરે છે. લિ. સી.એ. ઋષભ મનોજ સાવલા-ભૂ.વિ.મંડળ સભ્ય-વાંકી-૯૦૦૪૪૬૩૭૫૭.

4/1/1(2) --------- (A-3150)(1-6)

### (JYF) જૈન યુથ ફોરમ સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ

આજે સુટકેસની ખરીદી કરવી નહીં. (પરીગ્રહ સંજ્ઞા ઉપર વિજય મેળવવા માટે)

● મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

● વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.

● JYF હેલ્પલાઈન નંબર 8591438983.

● જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(21) --------- (A-3216)(1-7)

### ૨ જુન સંપુર્ણ 'કેરેલા' પ્રવાસ (જુજ સીટો) પેકેજ + ગ્રુપ ટુરો માટે 'શેઠીયા ટુર'

મુન્નાર, ઠેક્કડી, કોચીન 'પેરીયાર' વાઈલ્ડ લાઈફ સેન્ચુરી, એલ્લપી, ત્રિવેન્દ્રમ, કોવાલમ સાથે ખાસ 'જટાયુ' (૨ જુનમાં) જુજ સીટો બાકી. નોંધ : તમારા માટે (જ્યાં ચાહો-જ્યારે ચાહો) 'ગ્રુપ' ટુર તેમજ પેકેજ ટુરનું લક્ઝરી આયોજન કરી આપવામાં આવશે. સં. 'શેઠીયા ટુર' 8369397524, 8454843663, 9020329818.

4/1/1(18) --------- (B-3209)(1-8)

**કલા-કસબ-કલરનો અનોખો સમન્વય**

**Jyoti Sarees - Matunga (E)**

નયનરમ્ય બાંધણીઓ, રીયલ-ટેસ્ટેડ ઘરચોળા, ડીઝાઈનર Borders, Traditional પટોળા, જરી, રેશમવર્ક સાડીઓ, ચણીયા ચોળી, Fancy દુપટ્ટા, Unstiched Blouse ની મન ભાવન ખરીદી માટે. જ્યોતિ સારીઝ, અરોરા થીયેટરની પાછળ. Ph. No. 022-24043995, 8369252836. Jyoti For Exclusive Embrodery & up to date finishing. follow us on instagram@Jyoti Saree

4/1/1(4) --------- (B-2998)(2-1)

**જુની સાચી જરી વેંચવા માટે ગ્રાહકની પહેલી પસંદગી**

જુની સાચી જરીની કોઈપણ આઈટમ

- સાચી જરીની સાડી-ચણીયા-ચોલી
- સાચી જરીના ઘરચોળા - બોર્ડર - બ્લા
- સાચી જરીના સેલા
- સાચી જરીની બટકસબ - આરી વર્કની સાડી-ચણીયા-ચોલી આજે જ અમારી દુકાને વેંચવા લઈ આવો ને રોકડા રૂપિયા લઈ જાઓ.
- બીજી કોઈપણ દુકાન કરતાં વધારે ભાવ આપનારી એક માત્ર દુકાન. મહાવીર સારીઝ, મોદી ચાલ, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (w) Opp. "SEASON'S" શો-રૂમ (રવિવાર બંધ). M.: 9137146272 - 9619554801.

2/1/1(8) --------- (B-2864)(2-2)

**દેશ વિદેશ કુરિયર 24x7**

સાઉથ આફ્રિકા, કેન્યા, નાઈઝેરિયા, મોઝામ્બિક, યુગાન્ડા, મોરેશિયસ, તથા બીજા આફ્રિકન દેશોમાં documents, કુરિયર, ખાવાપીવાની અને અન્ય ચીજવસ્તુઓ તેમજ એક્સપોર્ટરો/ઈમ્પોર્ટરો માટે Sample / Freight Economic/ Express Service થી મોકલવા લાવવા અનુજ લક્ષ્મીચંદ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો - Vacuum Packing Available. Free Pick Up Service PAC n DELIVER M. 8879991866. anuj@pacndeliver.com 20 Years of Quality Service.

2/1/1(7) --------- (B-2881)(2-3)

**! સોની કાનજી આણંદજી જ્વેલર્સ !**

**'રેપ્યુટેડ જવેલર્સ : ૧૯૬૮ થી મુંબઈમાં'**

કલાત્મક ડિઝાઈનો અને નીતનવી વેરાયટીઓમાં ગોલ્ડ અને ડાયમંડ જ્વેલરીનું બેનમૂન કલેકશન.

- સોની કાનજી આણંદજી જ્વેલર્સ (કચ્છ : ફરાદીવાલા) બી/૧૮, રોયલ ઈન્ડ. એસ્ટેટ, સહકાર નગરની સામે, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૩૧. ફોન : 41755500, 24150572.

2/1/1(20) --------- (N-3206)(2-4)

**ઘાટકોપર (ઈ.) પંતનગર**

ઓપન ખુલાસાવાળું, નવું ૧૭ માળનું ટાવર, ૫૧૧ રેરા કારપેટ (OC) 1.5 BHK ભાવ ૧.૨૦ કરોડ, બેન્કવેટ હોલ, જિમ, Indore ગેમ, ઓપન પાર્કીંગ, ૨ મીનીટ અંતરે દેરાસર, મેટ્રો 5 Min. Est Exp. 10 Min, સ્ટેશનથી ૧૦ Min. ૨ મીનીટ આરાધના ભવન, ૫ મીનીટ હેલ્થ એજ્યુકેશન સેન્ટર, બ્લડ બેંક, ૨, ૭, ૧૧, ૧૨, ૧૪ માળે. સં. ખુશાલ વસનજી વોરા-ઘાટકોપર (નવીનાળ) રેરા રજીસ્ટર. 9819355777.

4/1/1(9) --------- (B-3199)(2-5)

KVOSJM STHANAKWASI JAIN MAHAJAN

**શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ**

૭૦/૮૦, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઈ.), મુંબઈ-૪૦૦૦૧૨.
સંપર્ક : 9082271273, સમય : ૧૧ થી ૫

સંચાલિત

**નારી ઉત્કર્ષ સમિતિ**

સહર્ષ યોજે છે

**Mega Fashion & Lifestyle Show 2025**



:: એક્ઝીબીશન દિવસ ::

**શનિવાર, તા. ૧૩/૦૯/૨૦૨૫**
**રવિવાર, તા. ૧૪/૦૯/૨૦૨૫**

:: એક્ઝીબીશન સ્થળ ::

**શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજનવાડી,**
૭૦/૮૦, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઈ.), મું. ૧૨.
**સમય : સવારે ૧૦ થી રાત્રે ૮.૩૦ સુધી**

**દર વર્ષની અદભૂત સફળતા બાદ ફરી આવી રહ્યું છે...**

કવિઓ સમાજના મેલ-ફીમેલ ડિઝાઈનર માટે પોતાની કળા-કારીગરી બતાવવાનો એક સુવર્ણ અવસર...

**ઉપરોક્ત શોમાં આપ ફક્ત નીચે પ્રમાણેની કેટેગરીના સ્ટોલ નોંધાવી શકો છો**

1. Designer Wear (Professional)
2. Designer Footwear
3. Fashion Accessories
4. Wedding Outfits
5. Mehandi Artist
6. Makeup Artist
7. Bath and beauty
8. Jewellery
9. Bags & Purses
10. Gift Items



**સ્ટોલ બુકીંગ : ગુરૂવાર, તા. ૫ જુન ૨૦૨૫**

**સમય : બપોરે ૨ થી ૫ વાગ્યા સુધી**

સ્થળ : શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજનવાડી,
૭૦/૮૦, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઈ.), મુંબઈ-૪૦૦ ૦૧૨.

**ખાસ નોંધ**

- બુકીંગના પૈસા ચેક મારફતે આપવાના રહેશે.
- જેમના નામનો ચેક હશે તેમના પેન-કાર્ડની ઝેરોક્સ કોપી ફરજીયાત લાવવાની રહેશે.

**ફક્ત ક.વી.ઓ. જ્ઞાતીજનો માટે**

વધુ વિગત માટે સંપર્ક
**હંસા રાંભિયા 9323206587**
**શીલા સંગોઈ 9869850459**

લિ. નારી ઉત્કર્ષ સમિતિ, કન્વીનર : મંજુલા ગાલા • કુસુમ છેડા

**શ્રી કપાયા જૈન યુવક મંડળ (મુંબઈ)**

**નોટબુક-સ્ટેશનરી વિતરણ-શૈક્ષણીક સહાય**

દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી કપાયા જૈન યુવક મંડળ (મુંબઈ) દ્વારા નોટબુકસનું વિતરણ શ્રી હીરજી ઘેલાભાઈ નંદુ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી તથા સ્ટેશનરી વિતરણ શ્રી હીરજી ભારમલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી કરવામાં આવશે.

- વિતરણ તા. ૮-૬-૨૫, રવિવાર, સમય સવારના (૧૦ થી ૧૨) સ્થળ : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ દાદર (વે), કે.પી. હોલ, ચોથે માળે, દાદર (વે). સંપર્ક : અમિત ભેદા : મો.૯૮૩૩૧૧૮૮૮૫ તથા થાણા થી ડોંબિવલીના વિધાર્થીઓ માટે એજ દિવસે સવારના (૧૦ થી ૧૨) સ્થળ : કુમાર શર્ટસ, કેલકર રોડ, ડોંબિવલી (ઈ) મધે કરવામાં આવશે. સંપર્ક હિતેશ મામણીયા - ૯૭૬૯૨૮૩૧૫૩ (નોટબુકસના સેટની કિંમત રૂા.૧૦૦/- છે.)
- વિધાર્થીઓ તેમનું રીઝલ્ટ અથવા હોલ ટિકીટની (ઓરીજીનલ અને ઝેરોકસ કોપી બન્ને) પાછળ પુરૂ નામ, અટક અને એડ્રેસ (ફરજીયાત) લખીને સાથે લાવવું.
- ધો.૧૦ થી ઉપરની વિધાર્થીની બહેનો તથા ધો.૧૨ થી ઉપરના વિધાર્થી ભાઈઓએ શ્રી હીરજી ઘેલાભાઈ નંદુ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી મળતા શૈક્ષણિક સહાય માટે તેમનું રીઝલ્ટ, કેન્સલ ચેક, રેશનકાર્ડ, આધારકાર્ડ, પેનકાર્ડ, લાઈટ બીલ તથા ઘર ભાડાની રસીદ ની ઝેરોક્ષ કોપી સાથે નોટબુકસ વિતરણના સ્થળે સાથે આપવા વિનંતી. (અધુરી વિગતને અમાન્ય કરવામાં આવશે જેની નોંધ લેવી.)
- મંડળ દ્વારા દાતાશ્રીઓ હિંમતભાઈ હિરજી નંદુ પરિવાર, મુકેશ (રાજા) હીરજી ભારમલ શાહ પરિવારનો જાહેર આભાર.
- બધા ગામવાસીઓ અને નિયાણી બહેનો યુવક મંડળ ની મોન્સુન પિકનીક માટે થઈ જાઓ તૈયાર. જાહેરાત ટુંક સમયમાં આવશે.
- આપ સૌના ઘરે આવતા શુભ પ્રસંગો એ જેમ કે જન્મદિન, સગાઈ, વિવાહ, બાળજન્મ, વાસ્તુપુજા, સાંજી, એવોર્ડ, ડિગ્રી જેવી સિધ્ધીઓ, જન્મ જયંતિ, પુણ્યતિથી એમ દરેક પ્રસંગોએ ફુલ નહીં ફુલની પાંખડી આપી મંડળને જરૂરથી યાદ કરો.
- સૌનો સાથ સૌનો વિકાસ
- લિ.શ્રી કપાયા જૈન યુવક મંડળ (મુંબઈ)

4/1/1(17) --------- (A-3211)(2-6)

**ડૉક્ટર બનો - મેડિકલ કોલેજમાં એડમિસન સુનિશ્ચિત કરો !**

જો તમારું બાળક NEET પરીક્ષા આપશે અને મેડિકલ કોલેજમાં એડમિશન લેવાનું યોજના બનાવી રહ્યું છે અને ડોક્ટર બનવા ઈચ્છે છે, તો ફિઝિયોથેરાપી અથવા ડેન્ટિસ્ટ્રી વિશે ન વિચારો. ટોપ રશિયન મેડિકલ કોલેજ મોસ્કો / અન્ય શહેરમાં એડમિશન મેળવો. ગયા વર્ષે ૨૫,૦૦૦ થી વધુ ભારતીય વિદ્યાર્થીઓ મેડિસિન અભ્યાસ માટે રશિયા ગયા, ઈંગ્લિશમાં શિક્ષણ, સુરક્ષિત અને મિત્રપૂર્ણ દેશ. યોગ્ય યુનિવર્સિટી ફી, શ્રેષ્ઠ પર્યાવરણ, પછી ભારત આવીને પ્રેક્ટિસ કરો અને સપનાને વાત્સવિકતા બનાવો. વધુ પ્રશ્નો અને એડમિશન માટે- વાગડ કચ્છ એજ્યુકેશન ફાઉન્ડેશન. વૅન્ટેજ, 103i, મરૂતિ બિઝનેસ પાર્ક, ફન રિપબ્લિક રોડ, અંધેરી-વે., મુંબઈ-૪૦૦૦૫૩. રાજેશ દેઢીયા : 09967091914

2/1/1(11) --------- (B-3197)(2-7)

**છોકરો જોઈએ**


ટેક્ષ કન્સલ્ટન્ટની ઓફિસમાં ઓફિસ તથા બહારનાં કામ માટે S.S.C. / H.S.C. પાસ ફેલ કચ્છી / ગુજરાતી ડોંબીવલી રહેનાર (વય મર્યાદા ૨૫ વર્ષ) રોહીત શાહ-9820947529.

4/1/1(15) --------- (N-3193)(2-8)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

KVOSJM STHANAKWASI JAIN MAHAJAN
શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ
૭૦/૮૦, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઈ.), મુંબઈ-૪૦૦૦૧૨.
સંપર્કઃ ૨૩૭૨૧૦૮૪ / ૨૩૭૩૪૬૭૮, સમય : ૧૧ થી ૫
સંચાલિત
નારી ઉત્કર્ષ સમિતિ
સહર્ષ યોજે છે
સેલ્ફ ગ્રુમિંગ વર્કશોપ
First Love is Self Love એક અનેરી તક, શીખો
Personal Grooming in a Professional Way
ગામ કપાયાના ૧૬ વર્ષથી જાણીતા પ્રસિધ્ધ
Luxury Bridal Make up Artist
શ્રીમતી શીતલ અમિતકુમાર મામણીયા
ની સંગાથે નારી ઉત્કર્ષ સમિતિ રજુ કરે છે
જેમાં શિખવાડવામાં આવશે
- Right Way to Select Foundation
- Colour Correction
- Long Lasting Base
- Day Makeup
- Party Makeup
- Self Soft Curls
- Tips & Tricks for Perfect Saree Drape.





તેઓ ઘાટકોપરમાં મેકઅપ અને નેઈલ સ્ટુડિયો (Studio ESSSA) ધરાવે છે. એમણે ૫૦૦ થી વધુ નવવધુઓનું એમનું Dream Bridal Lookનું સ્વપ્ન પુરૂ કર્યું છે. તેમણે ૪૦૦ થી વધારે સ્ટુડન્ટસને કોચિંગ આપી આર્થિક રીતે પગભર કર્યા છે.
રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે
Gpay No.: 9773561165 / 9322323783
રજીસ્ટ્રેશન ચાર્જ ભરીને પેમેન્ટનો Screen Shot વ્હોટસએપ પર મોકલવો અનેવ્હોટસએપ પર નામ, ગામ, એરીયા, ઉંમર, મોબાઈલ નં. લખીને રજીસ્ટ્રેશન કરાવવું.
ફી રૂા. 300/-
શનિવાર, તા. ૭ જુન ૨૦૨૫
કાર્યક્રમ બપોરના ૨.૩૦ વાગ્યાથી શરૂ થશે
રજીસ્ટ્રેશન બપોરના ૨ વાગ્યાથી
સ્થળ : શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ, ૭૦/૮૦, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઈ), મુંબઈ-૪૦૦ ૦૧૨.
હાઈ-ટી અને અલ્પાહારની વ્યવસ્થા છે
આ પ્રોગ્રામ ફક્ત ક.વી.ઓ. માટે જ છે
વધુ વિગત માટે સંપર્ક
ભાવના ગાલા 9773561165
બીના મામણીયા 9821477669
લિ. નારી ઉત્કર્ષ સમિતિ, કન્વીનર : મંજુલા પોપટલાલ ગાલા • કુસુમ રમણીક છેડા




### શ્રી કચ્છ ગઢશીશા વિસા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન

ચુંટણી રદ થયા અંગેનું જાહેરનામું.

● સવિનય સાથે જણાવવાનું કે, શ્રી કચ્છ ગઢસીસા વિસા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન દ્વારા તારીખ ૧૨/૦૫/૨૦૨૫ ના ખબરપત્રિકામાં પ્રસિદ્ધ કરાવેલ ચૂંટણીના જાહેરનામાં મુજબ તા. ૦૧/૦૪/૨૦૨૫ થી ૩૧/૦૩/૨૦૨૮ ત્રણ વર્ષના કાર્યકાળ માટેની ટ્રસ્ટ બોર્ડ (વ્યવસ્થાપક સમિતિ) ચૂંટણી માટે મુંબઈ તથા સ્થાનિકે બંને ઠેકાણે મળીને કુલ ૫૩ ઉમેદવારી ફોર્મ ભરાઈને આવેલ, જેમાંથી ૪૨ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેચતા, ૧૧ ઉમેદવારી ફોર્મ બાકી રહેલ છે. જે ચૂંટણીના ઉપરોક્ત જાહેરનામાંના નિયમ મુજબ આવેલ બાકી રહેતા ઉમેદવારી પત્રકોની સંખ્યા અપૂર્ણ (૧૫ થી ઓછી) હોવાથી, આવેલ સર્વે ઉમેદવારી પત્રકો અને ચૂંટણીની આગળની પ્રક્રિયા રદ કરવામાં આવે છે અને નિયમ માં આગળ જણાવ્યા મુજબ આગામી તારીખ તા.૨૫/૦૫/૨૦૨૫ ના રવિવારે સંસ્થાની જનરલ સભામાં નવા ટ્રસ્ટબોર્ડ (વ્યવસ્થાપક સમિતિ) માં ૨૨ સભ્યોની નિમણુંક કરવામાં આવશે. જેની સર્વે ગામવાસીઓએ નોંધ લેવા વિનંતી. લી. ચૂંટણી અધિકારીઓ : સી.એ. વિજય વિરજી દેઢિયા - શેરડી/મુલુંડ, સી.એ. દિલીપ ખુશાલચંદ ગોસર - વીઢ / મુલુંડ.

4/1/1(24) --------- (A-3217)(3-1)

### નિઃશુલ્ક જાત્રા, લોનાવાલાનાં દેરાસરો

૬૫ વર્ષની ઉપરનાં માટે એક દિવસીય લોનાવાલાના દેરાસરોની નિઃશુલ્ક જાત્રા. સં. કુમુદ હીતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા-7304472581. (ફક્ત વોટસએપ, નો ફોન કોલ્સ)

4/1/1(14) --------- (N-3194)(3-2)

### પેટની વધુ પડતી ચરબી-લાઈપોસકશન બ્રેસ્ટ ઈમ્પલાન્ટ, નાકનો આકાર ટ્રીટમેન્ટ

રજીસ્ટ્રેશન ફી ૨૦૦ રૂા. ૧૯-૫, ૨૦-૫, ૨૧-૫. સોમ, મંગળ, બુધ. સ્થળ : દિયા હેલ્થ કેઅર, ત્વચા, નખ, લેઝર, હેઅર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર, ૧૦૨, બિલેશ્વર ટાવર, પહેલા માળે, પાંચ રસ્તા, સંદીપ હોટેલની સામે, મુલુંડ (વે.) સમય : ૧૧-૪. સંપર્ક : ૯૮૨૦૭૪૮૮૪૦, ૦૨૨-૩૧૯૦૬૦૨૩.

4/1/1(22) --------- (B-3220)(3-3)

### શ્રી કચ્છ ગઢશીશા વિસા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન

ચુંટણી કમિશ્નરોની આભારની અભિવ્યક્તિ.

● શ્રી કચ્છ ગઢસીસા વિસા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન ની ચૂંટણી પ્રક્રિયા માં મુંબઈમાં ચૂંટણી કમિશ્નર તરીકે ફરજ બજાવનાર સી.એ. વિજય વીરજી દેઢિયા (શેરડી /મુલુન્ડ), સી.એ. હિમાંશુ તલકશી છેડા (કુંદરોડી / મુલુન્ડ) તથા સી.એ. દિલીપ ખુશાલચંદ ગોસર (વીઢ / મુલુન્ડ) તથા સ્થાનિકે સહાયક ચૂંટણી કમિશ્નર તરીકે ફરજ બજાવનાર ગઢસીસા કુમારશાળાના પ્રિન્સીપાલ શ્રીમતી ગીતાબા જાડેજા નો સંસ્થા વતીથી ખૂબ ખૂબ આભાર. ભવિષ્યમાં પણ સંસ્થાને જરૂર પડ્યે આપની અણમોલ સેવા આપતા રહેશો એવી અપેક્ષા. ફરીથી આપ સર્વેનો આભાર. લિ. ટ્રસ્ટી-માનદ્ મંત્રી : શ્રી કચ્છ ગઢશીશા વિસા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન.

4/1/1(23) --------- (A-3218)(3-4)

### VULCAN INDIA CCTV

Cameras, Biometric, Walky Talky, Fire Alarm, Installation & Amc at Wholesale Rates. Ritesh Dharod (Luni) - 9820608929 / 9619616103.

2/1/1(10) --------- (B-3198)(3-5)

# રાજશ્રી યોગા મલ્ટી થેરેપી સેન્ટર - 1994 થી

## વજન, ડાયાબિટીસ, શારીરિક અને માનસિક તંદુરસ્તીમાં અનન્ય પરિણામો આપવાની સાથે વર્ષ 31 મું !



"વજન તો ઉતારવું છે પણ ભૂખ્યા નથી રહેવાતું."
કોણ કહે છે કે ભૂખ્યા રહીને જ વજન ઉતરે ! વજન ઉતારવા માટે બીજી ઘણી વસ્તુઓની જરૂર પડે છે જેવી કે યોગા થેરેપી, વ્યક્તિ પ્રમાણે યોગ્ય ડાયેટ અને ન્યુટ્રિશન, એનર્જી બેલેન્સ કરવું, મેટાબોલિઝમ સેટ કરવું, જોઈતા હોય ત્યાંથી ઇંચ ઘટાડવા. શેપિંગ ટોનિંગ કરવું અને બીમારીઓમાં સુધાર લાવવો....પછી મેઈન્ટેઈન ની ટ્રાયલ આપવાની ત્યારે જઈને વજન ઉતરીને પૂરું થાય છે.



ખાવાની ઉમર માં પરેજી પાડવી પડે. જીવનભર દવા અને ઇન્સ્યુલિન લેવા પડે. વારંવાર થાકી જવું, ક્યારેક સ્ટ્રેસ કે ડિપ્રેશન જેવું લાગે. બહાર જાય તો એકાંત શોધીને ઇન્સ્યુલિનનું ઈન્જેકશન લેવું પડે. 30 - 35 ના થાય ત્યાં સુધી માં દવાઓની એની સાઈડ ઈફેક્ટ થવા લાગે.

જે લોકો દવા કે ઇન્સ્યુલિન લે છે તેઓ તો માની લે છે કે ડાયાબિટીસની દવા જીવીએ ત્યાં સુધી લેવી પડશે પણ આ દરેક કેસમાં સાચું નથી. ટાઇપ - 1 ડાયાબિટીસ માં પણ સુધારો થાય છે. વર્ષ શરુ થાય તો ક્લાસીસના ટાઈમ એવી રીતે ગોઠવજો કે બાળકો ટ્રીટમેન્ટ લઇ શકે.

**બીમારીમાંથી સાજા થઇ ફરી તંદુરસ્ત થવાની આપણી જૂની પદ્ધતિઓ પમાણે ના અમારા પ્રોગ્રામ ખુબ અસરકારક છે. એકવાર અજમાવી જોજો !!**



- Hair Fall (વાળ ખરવા)
- Dandruff (ખોડો)
- Hair Growth (નવા વાળ ઉગવા)
- Hair Thinning (વાળ પતલા થવા )
- Hair infection (વાળમાં ઇન્ફેકશન )
- Scalp Psoriasis (માથા માં સોરિયાસીસ)

ફક્ત લીલી જડીબુટ્ટીઓમાંથી અમે બનાવેલું વાળ માટેનું ખાસ તેલ ઉપલબ્ધ છે. આ તેલમાં કૃત્રિમ સુગંધ, કલર,એસેન્સ કે કેમીકલ ઉમેરવામાં આવતા નથી. ઘણા લોકો અને ડોક્ટરો આ તેલ 20 વર્ષથી લઇ જાય છે.

**વાળના તેલ માટે બુકિંગ ચાલુ છે.**

(CLC-3188)

**સંપર્ક : 96999 66266**

A-5, ધન બિલ્ડીંગ, દાદાસાહેબ ફાલકે રોડ, ગાડગે મહારાજ લેન, દાદર (ઈ) મુંબઈ - 14

KVOSJM
STHANAKWASI JAIN MAHAJAN

# શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ

૭૦/૮૦, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઈ.), મુંબઈ-૪૦૦૦૧૨. સંપર્ક : 9082271273. સમય : ૧૧ થી ૫

## સ્વસ્થ સમાજ સમૃધ્ધ સમાજ

# MEDICAL CAMP - MALAD

ક.વી.ઓ. સમાજમાં વર્તમાન સમયમાં Cancer અને Heart Attack થી થઈ રહેલા મૃત્યુના પ્રમાણને જોતા

## શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ

સંચાલીત

## માતુશ્રી પ્રભાવતી વલ્લભજી માલસી ગાલા

(નાના આંસબીયા-અંતરા જ્વેલર્સ પરિવાર) પ્રેરિત

પહેલું સુખ તે જાતે નર્યા

## શ્રી મુનિસુવ્રતસ્વામી મેડિકલ ફંડ

અને

## શ્રી મલાડ કચ્છી જૈન યુવક સમાજ

ના સથવારે

Prevention is Better than Cure

## મેડિકલ ચેકઅપ કેમ્પ નું આયોજન કરેલ છે.

**રવિવાર, તા. ૨૫ મે ૨૦૨૫ • સમય : સવારના ૭ થી ૧૦.૩૦**

**સ્થળ : કડીચાવાડી, મામલતદાર વાડી રોડ નં.૩, SMKJYS ઓફીસની સામે, મલાડ-વેસ્ટ, મું.૬૪.**

જેમાં નીચે આપેલ રૂા. 4,000/- સુધીના ટેસ્ટ ફક્ત રૂા. 200/- માં કરવામાં આવશે.

ફક્ત ક.વી.ઓ. માટે

| | | |
|---|---|---|
| ✓ CBC - EDTA Whole Blood | ✓ Lipid Profile ( Heart) | ✓ PSA (Prostate Male) |
| ✓ Creatinine Serum Kidney | ✓ TSH (Thyroid) | ✓ CA 125 Female (Ovarian Cancer) |
| ✓ ALT / SGPT Serum Liver | ✓ HBA1C ( Random Sugar) | ✓ ECG Test |

**Special Slot: Youngster doing Job or Studying can come with Fasting between 9.00 to 10.30 am, Registration is must for everyone**

રજીસ્ટ્રેશન ફરજીયાત રહેશે

આ ચેકઅપ ભારતની નામાંકિત લેબોરેટરી દ્વારા કરવામાં આવશે.

નોંધ : (૧) ECG કઢાવવા માટે કોઈપણ ઘરેણા પહેરીને આવવું નહીં.

(૨) મેડિકલ ચેકઅપ માટે રજીસ્ટ્રેશન કરાવનારાઓએ ૧૦ (દસ) કલાકનું ફાસ્ટીંગ કરીને આવવું.

પ્રથમ ૫૦૦ રજીસ્ટ્રેશન વ્હેલો તે પહેલોના ધોરણે

રજીસ્ટ્રેશન માટે ફોર્મ મહાજનશ્રીની વેબસાઈટ www.kvosjm.org માં Activity માં ઉપલબ્ધ છે.
અથવા અહીં આપેલ QR Code સ્કેન કરીને અથવા https://bit.ly/maladmc આ લિંક પર પણ ફોર્મ ભરી શકો છો.

KVOSJM

નોંધ : ગામના મહાજનો અને સ્થાનીક લતાવાર મંડળો પોતાના ગામવાસીઓ માટે કે સ્થાનીકે એરીયામાં આ જ દરે મેડિકલ કેમ્પના આયોજન માટે સંપર્ક કરે.

રાજેન ધરોડ : 9820535271 • કેતન સંઘવી : 9819255445 • કિશોર કેનિયા : 9820070988

મેડિકલ રિપોર્ટ અને મેડિકલ કેમ્પની પુછપરછ માટે મેડિકલ હેલ્પલાઈન નં.: **8355998689**

લિ. શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ

વૈશાખ વદ - ૦૮, સોમવાર, તા. ૧૯-૦૫-૨૦૨૫ | www.kutchipatrika.org ખબરપત્રિકા 07

"ચારિત્ર-કલ્યાણ"

# શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ, સોનગઢ

સોનગઢ રત્નાશ્રમ સ્થાપના : ૧૯૨૩


પ.પૂ. મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી મ.સા.


પ.પૂ. મુનિરાજ શ્રી કલ્યાણચંદ્રજી મ.સા.

સ્થાનિક ઓફિસ : ચારિત્ર કલ્યાણ માર્ગ, સ્ટેશન રોડ, સોનગઢ, જિ. ભાવનગર, પીન : ૩૬૪૨૫૦, ફોન : (૦૨૮૪૬) ૨૪૪૩૨૪, ૨૪૪૬૪૫.
મુંબઈ ઓફિસ : ૨/૩૪, મિનર્વા બિલ્ડીંગ, માધવપાસ્તા રોડ, દાદર. (સે.રે.) મુંબઈ – ૪૦૦૦૧૪, ફોન નં. ૨૪૧૬૫૬૩૯, મો. ૮૩૫૬૮૮૧૫૫૯

## સમગ્ર સમાજને સોનગઢ રત્નાશ્રમના ખોબલે ખોબલે અભિનંદન !!!

## સોનગઢ રત્નાશ્રમ સંચાલિત શાળાનું S.S.C માર્ચ-૨૦૨૫નું પરિણામ



### શ્રી કચ્છ કેસરી જૈનાચાર્ય પૂનમચંદ્રજી ગુજરાતી હાઈસ્કૂલ
૧૦૦.૦૦% પરિણામ

### શ્રી રતનશી ઉમરશી રાંભિયા ઈંગ્લિશ હાઈસ્કૂલ
૧૦૦.૦૦% પરિણામ



**પાયાના શિક્ષણ સ્થંભ**
**શ્રીમતી મણીબેન વીરજી ધરોડ પત્રીવાલા ઈગ્લીંશ સ્કૂલ**
**અને**
**માતુશ્રી ઉમરબાઈ લાલજી એંકરવાલા વિદ્યામંદિર**

### ગુજરાતી માધ્યમ
૩૩ વિદ્યાર્થીઓમાંથી ૩૩ પાસ

### અંગ્રેજી માધ્યમ
૭૮ વિદ્યાર્થીઓમાંથી ૭૮ પાસ

પ્રથમ

પારેખ દેવાંશ રક્ષિતભાઈ
(તળાજા)
92.17 % A-1 ગ્રેડ

દ્વિતીય

શેઠ જૈનમ ચેતનભાઈ
(રાજકોટ)
91.00% A-1 ગ્રેડ

તૃતીય

બજાણીયા વત્સલ નિકુંજભાઈ
(કુતીયાણા)
87.00% A-1 ગ્રેડ

**Ratnashram Transforming a man into Human**

પ્રથમ

હરિયા માહિર સુધીરભાઈ
(સેતાલુસ)
94.33% A-1 ગ્રેડ

દ્વિતીય

જૈન રીયાંશ રાકેશભાઈ
(મધ્યપ્રદેશ)
94.00% A-1 ગ્રેડ

તૃતીય

વિસરીયા તીર્થ ધીરેનભાઈ
(બાડા)
93.83% A-1 ગ્રેડ

સોનગઢ રત્નાશ્રમમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઉચ્ચત્તમ શિક્ષણ સાથે સાથે ચારિત્ર કેળવણી અને કળાઓનું ઘડતર પામી રહ્યાં છે. તેમજ શિક્ષણમાં વિદ્યાર્થીને પાયાના શિક્ષણથી અહીં સુધી પહોંચાડવામાં આવતી બધી પ્રવૃત્તિ સમાજે પ્રત્યક્ષ નિહાળી છે. એને ખોબલે ખોબલે વધાવી પણ છે અને સંસ્થાને સતત પોતાની સમજીને ઉદાર હાથે દાન આપી પ્રોત્સાહિત કરી છે. આવો શિક્ષણપ્રિય સમાજ ખરેખર અભિનંદનને પાત્ર છે. સમાજના આ વિશ્વાસને સાર્થક ઠેરવતું પરિણામ કોષ્ટકમાં દર્શાવેલ છે.

**A-1 ગ્રેડ મેળવતાં કુલ ૧૩ વિદ્યાર્થીઓ**

S.S.C.-2023 બોર્ડ પરીક્ષાનું ટકાવારી પ્રમાણે પરિણામ

| | 90%&Up | 80%-89% | 70%-79% | 60%-69% | 50%-59% | PER. |
|---|---|---|---|---|---|---|
| ગુજરાતી માધ્યમ | 2 | 8 | 11 | 10 | 2 | 100.00% |
| અંગ્રેજી માધ્યમ | 11 | 26 | 19 | 17 | 5 | 100.00% |

**ગણિત વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવતા ૨ વિદ્યાર્થીઓ**

**સંસ્કૃત વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવતા ૪ વિદ્યાર્થીઓ**



સહુ વિદ્યાર્થીઓને અભિનંદન... એ સાથે જ દરેક વિદ્યાર્થીઓ પાછળ તનતોડ મહેનત કરીને આ પરિણામ લાવવા બદલ શિક્ષક મિત્રો શ્રી રોહિતભાઈ સંઘવી, શ્રી તુષારભાઈ જાની, શ્રી જયેન્દ્રભાઈ ભટ્ટ, શ્રી અવિનાશભાઈ દવે, શ્રી વિષ્ણુભાઈ ભટ્ટ, શ્રી નરેશભાઈ આંસલ, શ્રી ભરતભાઈ ચૌહાણ, શ્રી મહેશભાઈ પંડ્યા, શ્રી વિષ્ણુભાઈ વ્યાસ, કૃપાબહેન શુકલ, શ્રી નરેશભાઈ રાઠોડ તથા ગૃહપતિ શ્રી ભાવિકભાઈ બાંભણિયા તેમજ સ્થાનિક મેનેજમેન્ટ ટીમ અને સુંદર સહકાર આપવા બદલ સહુ વાલીઓને પણ હૃદયપૂર્વક અભિનંદન... સ્થાનિક ટીમ જોડે સતત સંપર્કમાં રહીને વધુને વધુ સારા પરિણામો લાવવા સતત પ્રયત્નશીલ રહેતી શિક્ષણ સમિતિના સભ્યોને પણ અભિનંદન.

સમગ્ર સમાજને ફરી એક વખત અભિનંદન કે જેમનો સાથ સહકાર ડગલે ને પગલે અમને મળતો રહ્યો જેથી અમો આફતને પણ અવસરમાં પલટાવી શક્યા અને અમારો જ્ઞાનરૂપી દીપ કાયમને માટે ઝગમગતો રહ્યો.

**ટ્રસ્ટીશ્રીઓ**

શ્રી ચંપકલાલ ભીમશી ગંગર
શ્રી નાનજી હિરજી કુરિયા
શ્રી જગશી ખીમજી શાહ (જે. કે. શાહ)
શ્રી દામજી નેણશી રાંભિયા
શ્રી રાજુભાઈ હરખચંદ ગાલા
શ્રી વિનોદ ખીમજી શાહ
શ્રી જાદવજી લાલજી એંકરવાલા

**માનદ્ સલાહકાર**

શ્રી બિપીનભાઈ અમરચંદ ગાલા

**સોનગઢ રત્નાશ્રમ સંચાલક મંડળના અધિકારીશ્રીઓ**

**પ્રમુખશ્રી**

CA શ્રી કમલેશભાઈ શિવજી વિકમશી

**ઉપપ્રમુખશ્રી**

શ્રી મનસુખ ભવાનજી લાપસિયા
CA શ્રી પંકજ શંભુલાલ ગોસર

**માનદ્ મંત્રીશ્રીઓ**

શ્રી અતુલ જગશી શેઠિયા
શ્રી અશોક વેલજી ગોગરી
શ્રી ચંદ્રેશ લક્ષ્મીચંદ છેડા
શ્રી સંજય હરખચંદ દેઢિયા

**વરિષ્ઠ કમિટી**

શ્રી મહેશ ભાણજી વોરા
CA શ્રી હસમુખ ભાણજી વોરા

**કારોબારી સભ્યો**

શ્રી જયસુખ રતનશી ગંગર
શ્રી નરેશ રતનશી રાંભિયા
શ્રી પંકજ વીરજી શાહ
Adv. શ્રી ધીરજ રવજી સૈયા
શ્રી નરેન્દ્ર રામજી ગાલા
શ્રી પરેશ હિરજી છેડા
શ્રી મનીષ જાદવજી બોરીચા
શ્રી પીયૂષ નાગજી ગાલા
શ્રી પંકજ ગોપાલજી ગાલા
CA શ્રી પ્રફુલ્લ વિશનજી ધરોડ
શ્રી હિતેશ હિરાચંદ દંડ
શ્રી સુમીત શાંતિલાલ નિસર
શ્રી ભરત ખીમજી દેઢિયા
શ્રી મયુર રમેશ સાવલા

(CLB-3202)

# ગઢસીસા હીરામાં પરિવારનું શૈક્ષણિક ગૌરવ...

92% CBSC — GOOD JOB! — 85% S.S.C. — WELL DONE! — 79% S.S.C.





Congratulations    Congratulations

**કુ. અવધી** — તોરલ પેરીન ગોસર (કુમરા)

**કુ. ખંતિલ** — દિપ્તી હિતેશ ગડા (માપર)

**કુ. માહી** — જીગ્ના હિરેન દેઢિયા (ગઢસીસા)

ગામ ગઢસીસાનાં માતુશ્રી હીરબાઈ તેજપાર ઠાકરશી દેઢિયા પરિવારનાં

શ્રીમતી કુસુમ ખુશાલ દેઢિયાની દોહિત્રી, શ્રીમતી હેમલતા વિશનજી દેઢિયાનો દોહિત્ર, શ્રીમતી નયના વસંત ગડાની દોહિત્રી

આ ત્રણે હિરામાં પરિવારનું શૈક્ષણિક ગૌરવ વધારી પોતાનાં પરિવાર અને ગામનું નામ રોશન કરેલ છે.

ભવિષ્યમાં આગળ વધી પોત પોતાનાં પરિવારનું વિશેષ ગૌરવ બને એજ શુભેચ્છા...

**લિ. માતુશ્રી હીરબાઈ તેજપાર દેઢિયા પરિવાર (ગઢસીસા-મુલુંડ)**

(CLC-3201) UPASANA-9820167767

---

|| શ્રી પાર્શ્વચંદ્રસૂરિસદ્‌ગુરૂભ્યો નમઃ || શ્રી સીમંધર સ્વામિને નમઃ || શ્રી નીતિસૂરિશ્વરજીસદ્‌ગુરૂભ્યો નમઃ ||



શાસમ પ્રભાવક, મરૂધરમણી પ.પૂ. આચાર્ય ભગવંત
શ્રી રાજતિલકસૂરિજી મહારાજના શિષ્યરત્ન

**યુવા મુનિરાજ**
**શ્રી મોક્ષતિલકવિજયજી મ.સા.**

**સિલ્વર જ્યુબિલી સંયમોત્સવ**

સંયમ જીવનના ૨૫ માં વર્ષના પાવન પર્વે
(પાવન દિવસઃ તા.૧૯.૦૫.૨૦૨૫)

**વિરતિ ધર્મની ભાવપૂરિત અભિવન્દના**

શાસમ પ્રભાવક, મરૂધરમણી, તપસ્વીરત્ન, કરૂણામૂર્તિ, પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી રાજતિલકસૂરિજી મહારાજના શિષ્યરત્ન, કચ્છ તુંબડી રત્ન, ગુરૂકૃપાથી જૈન શાસનના અનેક મહાનકાર્યો પાર પાડનાર, આંબેસરી તીર્થના હિતચીંતક, યુવા મુનિરાજ શ્રી મોક્ષતિલક વિજયજી મ.સા.ના ૨૫ વર્ષ દીક્ષા પર્યાયના સુ-અવસરે અમો સૌ આપના સંયમ જીવનની તથા આપના શાસન કાર્યોની અનુમોદના કરીએ છીએ.

આપશ્રી દીર્ઘ આયુષ્યવાળા થાઓ, આપના હાથે અનેક શાસન પ્રભાવનાના કાર્યો થાય એજ શુભ ભાવના સહ શ્રી સુયશ સ્મૃતિ સ્મારક ટ્રસ્ટના સર્વ અધિકારીઓની વંદના...

શુભ દિવસ : તા.૧૮ મે ૨૦૨૫, રવિવાર - તા.૨૨ મે ૨૦૨૫, ગુરૂવાર
જિનાલયની ૩૧મી સાલગીરા એવમ્ પૂ. મુનિશ્રી મોક્ષતિલકવિજયજી મ.સા.ના ૨૫ વર્ષના દીક્ષા દિવસ આદિના ઉપલક્ષમાં પંચાન્હીકા મહોત્સવનું આયોજન છે.

**સાધર્મિક ભક્તિના અન્ય લાભાર્થી દાતાશ્રી :**
માતુશ્રી વિમળાબેન શાંતિલાલ ખેરાજ દેઢિયા-નાના ભાડીયા
શ્રીમતી મનીષાબેન જેઠાલાલ છેડા-બાયઠ
માતુશ્રી દમયંતીબેન કરસન ગાલા, હ. જીગ્ના લખમશી ગાલા

**લિ. શ્રી સુયશ શાન્તીધામ સાધના કેન્દ્ર**

(CLB-3215) SONI GRAPHICS 9653103959

---

## ગુંદાલા – રતાડિયા ગણેશવાલાનું ગૌરવ



ગુંદાલાના હાલે બોરીવલી સ્થિત
શ્રીમતી જયવંતી દામજી મેઘજી રાંભિયા
નો પૌત્ર,
રતાડિયા ગણેશવાલાના હાલે મલાડ સ્થિત
શ્રીમતી મંજુલા ચીમનલાલ કારૂડાઈયા
સાલિયા નો દોહિત્ર,
નીપા – જીગર નો વ્હાલો તેમજ
દક્ષ નો વ્હાલો અને પ્રેરણાત્મક ભાઈ

**ચિ. દેવ** ને
**10th - ICSE Board** માં
**96.40%** થી ઉત્તિર્ણ થઈ
કારકિર્દીના પ્રથમ ક્ષેત્રે પ્રગતિનો પ્રથમ
સોપાન સર કરવા બદ્દલ

**હાર્દિક અભિનંદન...**

*Heartiest Congratulations to our*

જીવનના દરેક ક્ષેત્રમાં આગળને આગળ પ્રગતિ કરે
એવી શુભેચ્છાઓ અને આશિર્વાદ...

: શુભેચ્છા અર્પતા પરિવારજનો :

**નીપા જીગર રાંભિયા (ગુંદાલા)**
**દક્ષ જીગર રાંભિયા**

(CLC-3200) KENIA AD AGENCY - 9870155993

# કાંડાગરાના જિનાલય સુવર્ણોત્સવના વધામણાં... ગામની નિયાણી બહેનો લે હર્ષના ઓવારણા...



શ્રી કાંડાગરા નગરે **શ્રી શાંતિનાથ જિનાલયની ૧૬૯ મી ધ્વજા શ્રી નમિનાથ જિનાલયની ૫૧ મી ધ્વજા** નિમિત્તે જિનાલય સુવર્ણોત્સવના તોરણ બંધાયા ત્યારથી અમે ગામની પરણિત નિયાણીનો હૈયે ઉમંગના ફૂલો ખીલ્યા. શ્રી કચ્છ કાંડાગરા અચલગચ્છ મૂર્તિપૂજક જૈન સંઘના ટ્રસ્ટીઓ દ્વારા ગામની નિયાણીઓને પણ દરેક પ્રસંગે સહકુટુંબ પધારવા આમંત્રણ આવ્યો ત્યારે અમારા સૌના કર્ણમાં એક જ સ્વર ગુંજતો...

**કાંડાગરા જિનાલયથી કાગળ આવ્યો છે...**
**શાંતિ-નમિ ભગવાનના વાવડ લાવ્યો છે...**



શ્રી સંઘે મુંબઈથી કાંડાગરા સમૂહમાં જવા માટેની સગવડમાં પણ નિયાણી પરિવારને પણ આવહાન આપ્યું અને નિયાણી બહેનોએ પણ પિયરથી આવેલ આમંત્રણને સ્વીકારી ૨૭૫ થી વધુ પરણિત નિયાણીઓ આ મહોત્સવમાં હાજરી આપી તથા ગામના નિયાણી ગુરૂભગવંતોએ નિશ્રા આપી શ્રી સંઘ પર આશિર્વાદના વરસાદ વરસાવ્યા. આવા જાજરમાન કાંડાગરાના ઈતિહાસમાં આ સુવર્ણ મહોત્સવથી હજી એક પીછુ ઉમેરાઈ ગયું. મહોત્સવ દરમ્યાન અનુષ્ઠાન, ગુરૂભગવંતોની વૈયાવચ્છ. રહેવાની, વાહનની સગવડ, સ્વાદિષ્ટ ભોજન સુવ્યવસ્થા જોઈને અમારા પાસે વધાવવા શબ્દો નથી.



શ્રી સંઘના ટ્રસ્ટીઓએ કાંડાગરાની પરણિત નિયાણી બહેનોને મંચ પર બોલાવી **વડીલ શ્રી દેવચંદભાઈ એ અભિવાદન** કરી ભેટ આપી એ અમારા માટે શ્રી સંઘના આશિર્વાદ રૂપે મળેલ બહુમાન છે. અને મહોત્સવ કમિટીના વિરાઓએ જે ખડે પગે જહેમત કરીને આ પ્રસંગને દિપાવ્યો છે તે માટે એમની જેટલી પીઠ થાબડીએ એટલી ઓછી પડે.

**નાનાલાલભાઈ અને નીતાબેન (ભરતક્ષેત્ર) પરિવારે પધારેલ દરેક નિયાણી બહેનોને વીર પસલી "સેલો"** ભેટ આપી દરેક નિયાણી **નાનાલાલભાઈ અને પરિવારને અંતરથી પ્રેમ આશિર્વાદ આપીએ છીએ.** ગામની ચાર-ચાર પેઢી સાથે મળીને આવા જ કાર્ય ભવિષ્યમાં કરતા રહે એવા અમે નિયાણી બહેનો કાંડાગરા ગામના ઓવારણા લઈએ છીએ.

**મહોત્સવ દરમ્યાન નિયાણી બહેનો તરફથી કોઈ પણ ક્ષતી થઈ હોય તો મિચ્છામિ દુક્કડમ...**

(CLC-3189)

**લિ. કાંડાગરાની સર્વે પરણિત નિયાણી બહેનો**

નીરૂબેન શાહ : ૯૦૦૪૯૭૮૭૭૦ ✽ માયા ગાલા : ૯૬૧૯૪૫૬૬૧૯ ✽ રસીલાબેન છેડા : ૯૭૬૯૦૧૮૫૮૨ ✽ ચાંદની ગાલા : ૯૮૨૧૫૫૦૫૧૦

VIRAL MARU - 9819969516


**દેશી ગાયનું ઘી પૃથ્વી ઉપર સાક્ષાત સંજીવની છે.**
**જેના સેવનથી શરીરના અનેક રોગોથી મુક્તિ મળે છે.**

**A-2 ગીર ગાયના દુધમાંથી પ્રક્રિયા કરી દેશી પધ્ધતિથી તૈયાર કરેલું વલોણાનું ઘી**

ગૌ શાળાના માધ્યમથી રાસાયણીક ઘી થી સાવધાન




(CLC-3087)

**A-2 ગીર ગાયનું દેશી પધ્ધતિથી હાથે દોહેલું 'દુધ' (મશીનથી નહીં)**

બોટલ કાંચની

ગૌ-વેદ રો-દુધ




કાંચની બોટલમાં ગૌ શાળાથી આપના ઘર આંગણે પહોચંતુ કરવામાં આવે છે.

**દરેક પ્રમુખ સ્ટોર્સ- આયુર્વેદીક દવાની દુકાનમાં ઉપલબ્ધ**

Ji Janta IMPEX

**Mob.: 9820293494 / 9920293494**
**Email : dhavalchheda@gmail.com**

KHABAR PATRIKA : 8104209392

# શ્રી ડુમરા જૈન મહાજન
# શ્રી ડુમરા જૈન મહાજન ચેરીટેબલ ટ્રસ્ટ

**(80G / CSR AVAILABLE)**

C/o. કાંતી પ્લાયવુડ, ૩-રવજી સોજપાલ બિલ્ડીંગ, એસ. કે. બોલે રોડ, પોર્ટુગીઝ ચર્ચની સામે, દાદર (વે), મુંબઈ - ૪૦૦ ૦૨૮.
મો. 98193 61797 ઈ-મેલ : dumrajainmahajan@gmail.com

## ડોલરીયા ડુમરા નગરે સળંગ ૧૦૭મું ચાતુર્માસ સંવત ૨૦૮૧

દર વર્ષે મહાજન શ્રી દ્વારા થતી ધાર્મિક તેમજ સામાજીક પ્રવૃત્તિઓ માટે ગામાઈ ભાઈઓ અને બહેનો, નમ્ર અને ઉદાર દિલે અનુદાન આપી, પ્રવૃત્તિઓને વેગવાન બનાવવાની જે વચનબદ્ધતા દાખવે છે એ બદલ સર્વ સખીદીલ દાતાઓનો ખૂબ ખૂબ આભાર...

**આ સાથે સવંત વર્ષ ૨૦૮૧ માં દાતાઓ તરફથી મળેલ અનુદાનની યાદી નં. ૨ નીચે મુજબ છે**

## લાખેણા દાતાશ્રીઓ

રૂ. ૩,૦૦,૦૦૦/- શ્રીમતી મણીબેન મણીલાલ વેરશી ગોસર
હ. તારા સૌમ્યા નિખીલ ગોસર, જયશ્રી સંજય ગોસર અને વેદિકા નિકીતા નિયમ હરીઆ

રૂ. ૧,૫૧,૦૦૦/- શ્રીમતી ગુણવંતીબેન જેઠાલાલ કુંવરજી ગોસર પરિવાર

રૂ. ૧,૦૮,૦૦૦/- માતુશ્રી કુંવરબાઈ દેવશી વેલજી કારાણી
હ. શ્રીમતી વાસંતીબેન કોરશી દેવસી કારાણી અને શ્રીમતી ભાનુબેન રમેશ દેવશી કારાણી

રૂ. ૧,૦૮,૦૦૦/- માતુશ્રી હીરબાઈ લક્ષ્મીચંદ જેઠુભાઈ કારાણી

રૂ. ૧,૦૮,૦૦૦/- શ્રીમતી ચંચલબેન વિનોદભાઈ દેવજી કારાણી (નાગપુર)

રૂ. ૧,૦૮,૦૦૦/- માતુશ્રી લક્ષ્મીબેન ચાંપશી મુરજી નાગડા

રૂ. ૧,૦૮,૦૦૦/- શ્રીમતી શાંતાબેન જવેરચંદ જીવરાજ ગડા (નિયાણીબેન) (સાભરાઈ)

રૂ. ૧,૦૮,૦૦૦/- શ્રીમતી ચંપાબેન શાંતીલાલ હંસરાજ કારાણી

## આના ફોડ ફંડના દાતાશ્રીઓ (એક આનાના રૂ. ૬૦૦૦/- પ્રમાણે)

૧૪ શ્રીમતી મંજુલાબેન પ્રફુલ ગાંગજી કારાણી
૯.. શ્રીમતી ભારતીબેન અરવિંદ પ્રેમજી કારાણી
૯.. માતુશ્રી કમલાબેન પ્રેમભાઈ પાસુ શાહનંદ (અમદાવાદ)
૬.. શ્રીમતી મંજુલાબેન કાંતીલાલ વેલજી હરીઆ
૬.. એક સદ્‌ગૃહસ્થ
૬.. માતુશ્રી પુષ્પાબેન કલ્યાણજી વેલજી નાગડા
૫.. શ્રીમતી હર્ષાબેન હીરાચંદ નાગજી ગાલા
૫.. માતુશ્રી ધનબાઈ હીરજી પચાણ ગાલા
૫.. શ્રીમતી જ્યોતીબેન કાંતીલાલ દેવશી ગોસર
૫.. શ્રીમતી ગંગાબેન રતનશી પ્રેમજી ગડા
૫.. માતુશ્રી હીરબાઈ ચાંપશી દેવશી કારાણી
૪.. માતુશ્રી કલ્યાણબાઈ પદમશી પ્રેમજી નાગડા
૪.. શ્રીમતી હીરબાઈ રતનશી કોરશી ગોસર
૩.. શ્રીમતી સુશીલાબેન શાંતીલાલ મુરજી ગોસર
૩.. શ્રીમતી મંજુલાબેન સુરેશ મુરજી ગોસર
૩.. માતુશ્રી નાનબાઈ માવજી પાસુ વોરા
૩.. માતુશ્રી નાનબાઈ પ્રેમજી લાલજી નાગડા
૩.. શ્રીમતી જયવંતીબેન કાંતીલાલ પ્રેમજી કારાણી
૩.. શ્રીમતી રસીલાબેન વિશનજી દેવજી ગોસર
૩.. શ્રીમતી કાંતાબેન મણીલાલ દેવજી ગોસર
૩.. માતુશ્રી જેઠીબાઈ દેવજી રવજી ગોસર
૩.. માતુશ્રી લધીબાઈ વરજાંગ ઉમરશી ગાલા
૩.. શ્રીમતી મંજુલાબેન ચંન્દ્રકાંત વલ્લભજી કારાણી

(CLB-3179)

પદમશી દેવરાજ નાગડા (મેનેજીંગ ટ્રસ્ટી) - 93242 61182

કાંતીલાલ લીલાધર શાહનંદ...98193 61797 નવીન વીરજી સંગોઈ.........91729 50004 કિરણ લખમશી કારાણી....93249 47975
સંજય કલ્યાણજી ગોસર......98704 13141 જયેશ લીલાધર નાગડા.......93230 83856 બિપીન રાયશી ગોસર......93204 89924

BINITA S. MARU - 9869034162

## ભીંસરા - દેઢિયા પરિવાર વતી

# આત્મીયજનોની આભાર વંદના...

## ઋણસ્વીકાર

વાત્સલ્યતા, આતિથ્યભાવના અને કુટુંબપરાયણતા આપના કણ કણમાં વસ્યા...
સહુને મદદરૂપ થઈ સમાજસેવા તથા માનવતા વારસામાં અમને આપ્યા...
પુરુષાર્થ, પ્રામાણિકતા, સર્મપિત ભાવના સાથે જીવનમાં ધર્મ પરાયણતા,
કરૂણા અને પરોપકાર જેવા ગુણોને આત્મસાત કરનારા...
ઈશ્વરરૂપી આશીર્વાદની સરવાણી બની અમને સુસંસ્કારોનો અમૂલ્ય ખજાનો દેનારા...
ઓ પિતાજી ! તમો રહેશો સદાય સર્વત્ર સ્મરણમાં...
મહેકતા રહેશો અમ સહુના મનમંદિરમાં...



ભીંસરા

સાંતાક્રુઝ(ઈ)

## શ્રીમાન આણંદજી ધારશી દેઢિયા

જન્મ અવતરણ : ૨૮/૦૨/૧૯૫૨ પ્રભુસમીપે : ૧૦/૦૫/૨૦૨૫

અમારી ગમગીન પળોમાં અમને સર્વ પ્રકારે આશ્વાસન આપી
સંવેદના વ્યકત કરનારા,સહુ સગા સંબંધીઓ,સ્વજનો-સ્નેહીજનો,
ભીંસરા ગામવાસીઓ, શ્રી ભીંસરા જૈન મહાજન સમિતી,
શ્રી સાંતાક્રુઝ ક.વિ.ઓ. સેવા સમાજ,
શ્રી સાંતાક્રુઝ ક.વિ.ઓ. જૈન મહાજન, શ્રી સાંતાક્રુઝ ખારીમાની ટીમ,
વિવિધ સંસ્થાઓ-સંઘો તથા પૂ. સાધુ-સાધ્વીજી આદિ ગુરૂભગવંતો,
વ્યવસાયિક મિત્રો, સર્વે સાંતાક્રુઝવાસીઓ, નગરી માર્કેટ વ્યાપારી,
તેમજ રૂબરૂ, પત્રો, ફોન, પત્રિકા, ઈમેલ,
SMS, WhatsApp, Facebook આદિ ડિજીટલ માધ્યમો દ્વારા
અમારા વાત્સલ્યમૂર્તિને શ્રધ્ધા સુમન આપી સ્નેહભાવ દર્શાવનારા
નામી અનામી સર્વે આત્મીયજનો, હેતુ-સંતોષીઓનો ઋણાનુભાર...
આપ સહુને વંદના કરી અતંઃકરણથી આભાર માનીએ છીએ.
અમારી અંતરભીની અભિવંદના સ્વીકારશોજી...

લિ. આપના સહૃદયી

**માતુશ્રી દમયંતીબેન આણંદજી ધારશી દેઢિયા**
**અ.સૌ. હેમાલી અને કાર્તિક આણંદજી દેઢિયા**
**અ.સૌ. પ્રિતી અને મનીષ આણંદજી દેઢિયા**
**અ.સૌ. વૈભવી અને સંદીપ દેવચંદ છેડા**
**(નાના ભાડિયા - ઈસ્ટ આફ્રિકા)**

(CLC-3205)

Shilp શ્રી 9819656510

## કચ્છી મહિલા ફેડરેશન

કાર્યાલય : C/o. ભારતીબેન નવીન ગંગર, ૪૬૧/સી, પ્રભાસ્મૃતિ બિ., ગ્રાઉન્ડ ફ્લોર, ભાઉદાજી રોડ, નારાણજી શામજી વાડીની બાજુમાં, માટુંગા (સે.રે.)

### કચ્છીયતની કમાલ...બાળકોની ધમાલ

સોમવાર, ૧૬ જૂન, બપોરે ૩.૦૦ કલાકેથી, શિવાજી નાટ્ય મંદિર, દાદર

### અષાઢી બીજનો નવો અભિગમ... આગોતરી ઉજવણી.

ઈંગ્લીશ પોઈટરી - હિંદી ગીતો હોંશે હોંશે ગાતા
બાળકો - યુવાનો ને કચ્છી / ગુજરાતી ગાતા કરવાનો પ્રયાસ.

### Singing, કવિતા, પરોલી, જોડકણાંનો શો

મુજી ભાષા કચ્છી, ગુજરાતી અંતર્ગત સમાજના
૨૫ વર્ષ સુધીના બાળકો - યુવાવર્ગની કચ્છી/ગુજરાતીમાં પેશકશ.

(*321) ઉંમર પ્રમાણે વિવિધ ગ્રુપ, ૩ મિનીટનો સમય
પસંદગીમાં આયોજકો - નિર્ણાયકોનો નિર્ણય મને માન્ય રહેશે.
કાર્યક્રમ - નિયમોમાં ફેરફાર કરવાનો હક્ક સંસ્થાને રહેશે.

**સિલેકશન રાઉન્ડ, શુક્ર, ૨૩ મે, સાંજે ૪ થી કાર્યાલયે**

(ભાગ લેનાર હાજર ન હોય તો વિડીયો એન્ટ્રી લેવાશે. રજી. જરૂરી.)
એન્ટ્રી - મેમ્બરના બાળકો ફ્રી. (રીફંડેબલ રૂા.૨૦૦) અન્ય રૂા.૨૦૦/-.
ભાગ લેનાર સર્વેને સર્ટીફીકેટ. ફાઈનલ માટે પસંદગી પામનાર સર્વેને ઈનામ, સર્ટીફીકેટ.

**રજીસ્ટ્રેશન બુધવાર, તા.૨૧ મે. સાંજે ૪ થી ૬. કાર્યાલયે**

બર્થ સર્ટીફીકેટ, આધાર કાર્ડની ઝેરોક્ષ લાવવી. લિ.મંત્રીઓ

NEEL PARI - 9322299742

**થાણામાં જુના ફિલ્મી ગીતોનો લાઈવ શો હાઉસ ફુલ થાય એની પહેલા નિશુલ્ક પાસ બુક કરો**

રાજમુદ્રા સંગીત ગ્રુપ પ્રસ્તુત જેમાં નયન પોટનીસ (જુ. પ્રેમ ચોપડા) ને સાંભળવો એક લ્હાવો છે. આપના પાસ વોટ્સએપ : 9082773676 પર બુક કરાવો. ૬૦+ સીનીયર સીટીઝન ફ્રી તથા અન્યને ૫૦/- ડોનેશન પાસ. ● સ્થળ : ૧, જુન, રવિવાર, સહયોગ મંદિર રોડ, નવપાડા, થાણા (W) નોંધ : આપના મિત્રવર્તુળમાં જાણ કરશો. શો બધા સંગીત પ્રેમીઓ માટે છે.

2/1/1(3) -------- (B-3135)(11-1)

**જે એમ જી ક્લીનીક હવે અંધેરી સ્ટેશન પાસે**

મફત દાંતનું ચેક અપ, દાંતની સંપુર્ણ સારવાર મળશે. (9 am to 9 pm) ફુલ માઉથ ડેન્ટલ ટ્રીટમેન્ટ મળશે રાહત દરે. (પુર્ણ પેકેજ માટે સંપર્ક કરો જે. એમ.જી. ક્લીનીકનો) (સવારે ૯.૦૦ થી સાંજે ૯.૦૦ સુધી) 0% EMI ફેસીલીટી મળશે. (પુર્ણ ચાર્જ ભરવાની જરૂર નથી.) રાહત દરે બધી જ દાંતની ટ્રીટમેન્ટ મળશે. આપણાં સમાજ માટે અને ઈતર સમાજ માટે. દાંતનું ચેક અપ મફત. દાંત કાઢવાના - ૩૦૦/- (ઓપરેશન વગર). રૂટ કેનાલ - ૧૦૦૦/-. એક્રેલીક દાંતની કેપ - ૪૦૦/-. સીરામીક કેપ - ૨૦૦૦/-. ઝેરકોનીયા કેપ - ૫૨૦૦/-. દાંતની બત્રીસી - ૯૦૦૦/-. ડેન્ટલ ઈમ્પલાન્ટ - ૨૨૦૦૦/-. દાંતના ડોક્ટર : ડો. સોનાલી. સંચાલક : માણશીભાઈ ગાલા, જે.એમ.જી. ક્લીનીક (અંધેરી વેસ્ટ) લોકેશન : એ૧-૨૦૨, ક્રિસ્ટલ ક્લેર આઈ એન્ડ ડેન્ટલ ક્લીનીક, લારામ સેન્ટર, સુનીલ જ્વેલર્સની ઉપર, નાડકો શોપીંગની બાજુમાં, એસ.વી.રોડ, અંધેરી વેસ્ટ રેલ્વે સ્ટેશનની સામે. 8433742300, 022-49784878.

4/1/1(5) ------ (B-2923)(11-2)

**પરાગ દેઢિઆ સંચાલિત CAN n WILL**
**Unique P D Programme**

- On-line or Off-line Options
- પર્સનાલીટીના વિવિધ પાસાઓની સમજ
- કોન્ફિડન્સ સાથે જવાબદારીઓનું સિંચન
- Manage Anger લાગણીઓની માવજત
- GOAL સેટિંગ - સાચા અર્થમાં
- કોમ્યુનિકેશન / પ્રેઝન્ટેશન Skills / Public Speaking
- Aptitude Test - Career ગાઈડન્સ
- Time મેનેજમેન્ટ
- ૧૫ થી ૭૦ વર્ષની કોઈપણ વ્યક્તિ આ પ્રોગ્રામમાં ભાગ લઈ શકે
- Small Batch Size
- નવો બેચ 23 May થી Call today I CAN Academy - 9920525225.

2/1/1(1) -------- (B-2995)(11-3)

**ક્રીયા કુકીંગ ક્લાસ**

મારી નવી જાતની વાનગી ઓ બેકીંગ સ્ટાટ ચાઈનીસ, થાઇ હોય નવી રીત સાથે વાનગીઓ જોવા મળશે ૧૦૦૦ રૂ. થી ચાલુ થાય છે. ફોન કરજો. 9819656922 રશમી ગાલા.

2/1/1(1) -------- (B-3190)(11-4)

**કેસર કેરી - કેસર કેરી**

વલસાડ (ગુજરાત) રૂા. ૧૨૦૦ (૧૦) કિલોનાં બોક્સ (૩૫) નંગ મસ્જીદ બંદર, વિવેક ટ્રેડર્સ. 022-40028240, 9820452985.

4/1/1(6) -------- (B-2930)(11-5)




Printed and Published by : Shri Kutchi Visa Oswal Jain Mahajan (The Owner) : 226/232, Narshi Natha Street, Bhatbazar, Mumbai - 400009.
Printed at Dangat Media Pvt. Ltd : Office : 22, Dighe MIDC, Navi Mumbai - 400708.